# Joint Press Release of the 16th Round of India-China Corps Commander Level Meeting

## ભારત-ચીન કોર્પ્સ કમાન્ડર સ્તરની મીટિંગનાં 16માં રાઉન્ડનું સંયુક્ત પ્રેસ રીલીઝ

18 જુલાઇ, 2022

ચુશુલ-મોલ્ડો સીમા મીટિંગ બિંદુની ભારતીય બાજુ પર 17 જુલાઈ 2022 નાં રોજ ભારત-ચીન કોર્પ્સ કમાન્ડર સ્તરની મીટિંગનો 16મો રાઉન્ડ યોજવામાં આવ્યો હતો.

11 માર્ચ 2022 નાં રોજ યોજાયેલી છેલ્લી મીટિંગ પર થયેલી પ્રગતિ પર આગળ વધતા, બન્ને પક્ષોએ વેસ્ટર્ન સેક્ટરમાં વાસ્તવિક નિયંત્રણ રેખા પર સંબંધિત મુદ્દાઓનાં રચનાત્મક અને અગ્રીમવર્તી રીતે નિરાકરણ લાવવા માટે ચર્ચાઓ ચાલું રાખી હતી. વહેલાસર પડતર મુદ્દાઓનાં નિરાકરણ માટે કામ કરવા માટે રાષ્ટ્રનાં વડાઓ દ્વારા પ્રદાન કરવામાં આવેલા માર્ગદર્શનને દ્રષ્ટિમાં રાખીને, આ બાબતમાં તેઓએ નિખાલસ અને ઉંડાણપૂર્વકનાં દ્રષ્ટિકોણોનાં આદાનપ્રદાનો કર્યા હતા. બન્ને પક્ષોએ પુનઃપુષ્ટિ કરી હતી કે પડતર મુદ્દાઓનાં નિરાકરણથી વેસ્ટર્ન સેક્ટરમાં વાસ્તવિક નિયંત્રણ રેખા પર શાંતિ અને સુલેહનું પુનઃસ્થાપન કરવામાં મદદ મળશે અને દ્વિપક્ષીય સંબંધોમાં પ્રગતિ કરવાની સક્ષમતા મળશે.

મધ્યાંતરમાં, બન્ને પક્ષો વેસ્ટર્ન સેક્ટરમાં જમીન પર સુરક્ષા અને સ્થિરતા જાળવવા સંમત થયા હતા. બન્ને પક્ષો નિકટનાં સંપર્કમાં રહી અને મીલિટ્રી અને રાજદ્વારી ચેનલો મારફત સંવાદ જાળવી રાખી અને વહેલાસર પડતર મુદ્દાઓનાં પરસ્પર સ્વિકાર્ય નિરાકરણ લાવવા કામ કરવા સંમત થયા હતા.

**નવી દિલ્હી**
**18 જુલાઇ, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.